**અગ્રતા ક્રમ-** **૨૪**

મહિલા અને બાળ વિકાસ વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૦૦૩

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૧૯/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન : બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહારના પેકેટ બાબત**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :-

**શ્રી ગેનીબેન નગાજી ઠાકોર(વાવ)**

**અનુક્રમણિકા**


| **ક્રમ** | **પ્રશ્નનો વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| **૧** | **પ્રશ્ન** | 3 |
| **૨** | **પ્રશ્નનો જવાબ** | 3 |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**<br>ટેક હોમ રેશનમાં કેવી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. ક્યા કયા સુક્ષ્મ પોષકતત્વોનો ઉમેરો કરવામાં આવે છે? | 4 |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર)**<br>આંગણવાડી ખાતે ટેક હોમ રેશન પહોચતું કરવાની શું વ્યવસ્થા છે? | 5 |

# 24

**બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહારના પેકેટ**

*15/4/2003 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ પ્રીમીક્ષ પેકેટનો કોન્ટ્રાક્ટ કઇ એજન્સીને આપવામાં આવેલ છે , | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ ટેક હોમ રેશનના પેકેટનો કોન્ટ્રાક્ટ ગુજરાત રાજ્યના વિશ્વ વિખ્યાત સહકારી માળખા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન હેઠળ આવતા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘો અમુલ, સુમુલ અને બનાસને આપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત કોન્ટ્રાક્ટ ક્યારે અને કેટલી મુદત માટે આપવામાં આવ્યો છે, | (૨) | સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૯/૨૦૧૭થી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સમગ્ર રાજ્યમાં આગામી ૧૦ વર્ષ સુધી ટેક હોમ રેશનના ઉત્પાદન તથા વિતરણની કામગીરી સોંપવા માટે અગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ એક પ્રીમીક્ષ પેકેટની કિંમત કેટલી ચૂકવવામાં આવે છે અને પેકેટમાં કયા પ્રકારનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવે છે,અને | (૩) | બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિના પેકેટ આપવમાં આવે છે. આ એક પેકેટ ૫૦૦ ગ્રામનું છે. એક પેકેટની કિંમત રૂ. ૩૦.૨૫ છે. (જે મુજબ ૧ કિલો ટેક હોમ રેશનની કીંમત રૂ. ૬૦.૫૦ થાય)<br>○ ૬ માસથી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને એક માસના ૭ પેકેટ (૩.૫ કિલો),<br>○ ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને એક માસના ૧૦ પેકેટ (૫ કિલો),અને<br>○ ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને આંગણવાડીના ગરમ આહાર ઉપરાંત એક માસના ૪ પેકેટ (૨ કિલો) આપવામાં આવે છે. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જથ્થા પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) | ઉક્ત સ્થિતિએ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ચૂકવણું કરવામાં આવેલ છે.<br>○ જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨માં રૂ.૪૫૫.૭૫ કરોડ<br>○ જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩માં રૂ.૪૨૬.૮૧ કરોડ |

-----------------------------------------

| અગ્રતા ક્રમ - ૨૪ પૂરક પ્રશ્ન-૧<br>પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી પ્રવિણભાઇ માળી (ડીસા) |
|---|
| **પૂરક પ્રશ્ન – ૧** બાળકોને આપવામાં આવતા ટેક હોમ રેશનમાં કેવી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.? તેમજ તેમાં ક્યા કયા સુક્ષ્મ પોષકતત્વોનો ઉમેરો કરવામાં આવે છે? |

**માન.અધ્યક્ષશ્રી,**

- બાળકોને આપવામાં આવતા ટેક હોમ રેશનમાં ઘંઉ , બેસન, સોયાનો લોટ , ખાંડ , તેલ , વગેરે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.

- બાળકોના વિકાસ માટે જરૂરી મહત્વના ૮ શુક્ષ્મ પોષક તત્વો ઉમેરવામાં આવે છે જેમાં આર્યન, વિટામિન એ , કેલ્શિયમ , થાયમિન , રાઈબોફ્લેવિન , નિયાસીન , વિટામિન સી અને ફોલિક એસિડ જેવા સૂક્ષ્મ પોષક તત્વોનો ઉમેરો કરવામાં આવે છે .

.

| અગ્રતા ક્રમ - ૨૪ પૂરક પ્રશ્ન-૨ |
| --- |
| પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર) |
| **પૂરક પ્રશ્ન – ૨** આંગણવાડી ખાતે ટેક હોમ રેશન પહોચતું કરવાની શું વ્યવસ્થા છે? |

**માન.અધ્યક્ષશ્રી,**

વહિવટી પારદર્શકતાની વાત આવે ત્યારે ગુજરાત સરકાર હંમેશા મોખરે હોય છે. આંગણવાડીમાં અપાતા આહાર માટે આંગણવાડીની માસીક જરૂરીયાત હોય તે પ્રમાણે તેની ઓનલાઇન માંગણી આવે છે.

**GCMMF** મારફતે જે જથ્થો તૈયાર થાય છે તે સંપુર્ણ હાઈજેનીક રીતે તૈયાર થાય ત્યાર ત્યાર બાદ લેબોરેટરી ટેસ્ટીંગમાં પાસ થઇ જાય પછી જ તેને વિતરણ માટે મોકલવામાં આવે છે.

ટેક હોમ રેશન**(THR)** માતૃશક્તિ**,** બાલશક્તિ અને પુર્ણાશક્તિનો જથ્થો ડેરી દ્વારા આંગણવાડી કેન્દ્ર સુધી પુરો પાડવામાં આવે છે. આંગણવાડી કેંદ્રમાં વિતરણ કરવા આવેલ વિતરણકરતા દ્વારા આંગણવાડી કાર્યકરના મોબાઇમાં એક **OTP (One Time Password)** મોકલે છે. જે **OTP** વર્કરના મોબાઇલમાં સીસ્ટમ જનરેટેડ આવે છે. આંગણવાડી કાર્યકર જ્યારે આ **OTP** વિતરણકરતાને પરત આપે ત્યારબાદ જ આ જથ્થાનું વિતરણ કરવામાં આએ છે.

માન.અધ્યક્ષશ્રી

દરેક આંગણવાડી કેન્દ્ર પોતાના કેન્દ્રમાં કેટલા લાભાર્થી છે તેની સંખ્યા એન્ટ્રી કરતા હોય છે. આ સંખ્યાના આધારે સીસ્ટમમાં આંગણવાડીને જરૂરી પેકેટની ગણતરી થાય છે. અને ગણતરી થયેલ પેકેટ મુજબનો જથ્થો આંગણવાડીમાં ક્યારે પહોંચસે તેનો એક મેસેજ જથ્થા વિતરણના આઠ થી દસ સિવસ પહેલા દરેક આંગણવાડી કાર્યકરને અંદાજીત તારીખ અને કેટલો જથ્થો મળવાનો છે. તેની આગોતરી જાણ **SMS** થી કરવામાં આવે છે.

આમ માન.અધ્યક્ષશ્રી**, THR** વિતરણનું રીયલ ટાઇમ મોનીટરીંગ કરવામાં આવે છે. આંગણવાડી સુધી જથ્થો પહોંચ્યો કે નહી તેની વિગતો અમારા સ્ટેટ

મોનીટરીંગ સેલ મારફત રાજ્યમાં, જિલ્લા અને તાલુકા કક્ષાએ જોઈ શકાય છે. અને જે જગ્યાએ નેટવર્કના પ્રશ્ન હોય ત્યા જથ્થો વિતરણ કર્યા બદલના ફોટો અપલોડ કરવામાં આવે છે.

આમ, ગુજરાત રાજ્ય દેશનું પહેલુ એવુ રાજ્ય છે. જ્યાં ટેક હોમ રેશન અને આંગણવાડીઓને અપાતા ખાદ્ય સામગ્રીના જથ્થાને પહોંચાડવા પારદર્શક રીતે અને રીયલ ટાઇમ મોનીટરીંગ વ્યવસ્થા પ્રસ્થાપિત કરી હોય.